ગિફ્ટ સિટીમાં બેન્કિંગ અસ્કયામતો ૧૨૦ અબજ ડોલરથી ૬૦ ટકા વધીને ૧૯૩ અબજ ડોલર થઈ

હસ્લિન્દા અમીન અને સૈકત દાસ
નવી દિલ્હી, તા. ૩૦

ભારતના આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર ગિફ્ટ સિટીમાં બેન્કિંગ અસ્કયામતોમાં જૂનથી અત્યાર સુધીમાં આશરે ૬૦ ટકાનો વધારો થયો છે. દેશના ધિરાણ બજારમાં વૃદ્ધિને પગલે ગિફ્ટ સિટી (ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક-સિટી)ને વેગ મળી રહ્યો છે. વિદેશી મૂડી આકર્ષવા માટે આ કેન્દ્ર સિંગાપોર અને હોંગકોંગ સાથે સ્પર્ધા કરી રહ્યું છે.

ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસિસ સેન્ટર્સ ઓથોરિટીના ચેરમેન કે. રાજારામને ઇન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે સપ્ટેમ્બરના અંત સુધીમાં આ કેન્દ્રમાં બેન્કોની અસ્કયામતો આશરે ૧૯૩ અબજ ડોલરે પહોંચી છે. આ આંકડો જૂનમાં ૧૨૦.૬૯ અબજ ડોલર હતો, એમ આઈએફએસસીએ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા દર્શાવે છે.



રાજારામને જણાવ્યું હતું કે બેન્કો દ્વારા ખાસ કરીને ધિરાણ બજારમાં આપવામાં આવતી સુવિધાઓને કારણે સતત વૃદ્ધિ નોંધાઈ રહી છે. બેન્કિંગ અસ્કયામતોમાં થયેલો વધારો મુખ્યત્વે વિદેશી ચલણની થાપણો અને બાહ્ય વ્યાપારી ઋણને કારણે થયો છે.

તેમણે જણાવ્યું હતું કે ગિફ્ટ સિટીમાં કાર્યરત બેન્કો સ્થાનિક કામગીરીના ભંડોળની જરૂરિયાતો તેમજ વૈશ્વિક સ્તરે વિસ્તરણ કરવા માગતી ભારતીય કંપનીઓ માટે મૂડીના સૌથી મોટા સ્ત્રોતોમાં સ્થાન મેળવી શકે છે. ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા વિદેશી ચલણમાં બિનનિવાસી થાપણો માટે જૂનથી ઓગસ્ટના અંત સુધી અમલમાં મૂકવામાં આવેલી વિશેષ સ્વેપ સુવિધાએ પણ ગિફ્ટ સિટીની પ્રવૃત્તિઓને વેગ આપ્યો હતો.આ આર્થિક ક્ષેત્રમાં એચએસબીસી હોલ્ડિંગ્સ પીએલસી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ પીએલસી અને મિત્સુબિશી યુએફજે ફાઇનાન્શિયલ ગ્રૂપ ઇન્ક જેવી કંપનીઓએ મોટાપાયે કારોબાર સ્થાપ્યો છે. આ કેન્દ્ર ચોક્કસ કરવેરા અને નિયમનકારી નિયંત્રણોમાંથી મુક્તિ આપે છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે મૂડી એકત્ર કરવા માટે તેનું આકર્ષણ વધ્યું છે.

મિરાઈ એસેટ ઇન્વેસ્ટમેન્ટ મેનેજર્સ (ઇન્ડિયા) અને જિયો બ્લેકરોક એસેટ મેનેજમેન્ટ સહિતની એસેટ મેનેજમેન્ટ કંપનીઓએ પણ આ કેન્દ્રમાં પોતાની કામગીરી શરૂ કરી છે.

ઝડપી વૃદ્ધિ વચ્ચે નાણાકીય કેન્દ્રની કર નીતિને લઈને ઊભી થયેલી ચિંતાઓનો સામનો પણ સત્તાવાળાઓ કરી રહ્યા છે.

એક મીડિયા અહેવાલ અનુસાર, ગિફ્ટ સિટીના કેટલાક ઇન્વેસ્ટમેન્ટ ફંડ્સને ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ના આકારણી વર્ષ માટે તાજેતરમાં કરવેરાની નોટિસ મળી છે. આ સંસ્થાઓને કરવેરામાં મુક્તિ મળતી હોવા છતાં નોટિસ આપવામાં આવી છે.

તેના કારણે ગિફ્ટ સિટીના આકર્ષણનું મુખ્ય કારણ ગણાતી કર રાહતોના અમલીકરણ અંગે પ્રશ્નો ઊભા થયા છે.રાજારામને જણાવ્યું હતું કે ગિફ્ટ સિટીમાં બહુરાષ્ટ્રીય કંપનીઓને આકર્ષવા અને તેમને અહીં જાળવી રાખવા માટેની કર રાહતો તથા અન્ય નીતિઓનો યોગ્ય અમલ થાય તે સુનિશ્ચિત કરવા સરકાર અને આઈએફએસસીએ સાથે મળીને કામ કરી રહ્યાં છે.

સત્તાવાળાઓ ભારતીય કંપનીઓને ગિફ્ટ સિટીમાં બેવડા લિસ્ટિંગ મારફતે વૈશ્વિક રોકાણકારો પાસેથી મૂડી એકત્ર કરવાની મંજૂરી આપવાની યોજના પણ બનાવી રહ્યા છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા અને આઈએફએસસીએ આ માટેની રૂપરેખા તૈયાર કરી રહ્યાં છે. રાજારામને જણાવ્યું હતું કે બેવડું લિસ્ટિંગ ચોક્કસપણે અમારું લક્ષ્ય છે.

એયુ સ્મોલ ફાયનાન્સ બેંક દ્વારા વ્હિકલ લોન ગ્રાહકોના સંભવિત ડેટા લીકની તપાસ

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૩૦

એયુ સ્મોલ ફાયનાન્સ બેંકે આજે જણાવ્યું હતું કે તે વ્હિકલ લોન ગ્રાહકો સાથે સંકળાયેલા સંભવિત ડેટા લીકની તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે એક હેકર જૂથે બેન્કનાં સાયબર સંરક્ષણનો ભંગ કર્યો હોવાનો દાવો કર્યો હતો.

એયુ સ્મોલ ફાયનાન્સ બેંક સેલ્સફોર્સ દ્વારા સંચાલિત અને હોસ્ટ કરાયેલા સોફ્ટવેર-એઝ-એ-સર્વિસ (એસએએસ) પ્લેટફોર્મ સાથે સંકળાયેલા સંભવિત ડેટા લીકની તપાસ કરી રહી છે, જે અમારા વ્હિકલ લોન ગ્રાહકોને લગતા મર્યાદિત ડેટા ધરાવે છે, તેમ બેંકના પ્રવક્તાએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે બેંકની પોતાની સિસ્ટમ અપ્રભાવિત રહે છે અને એસએફબીની કામગીરી સામાન્ય રીતે ચાલી રહી છે.

અગાઉ હેકરના જૂથે દાવો કર્યો હતો કે તેણે ધિરાણકર્તાના સાયબર સંરક્ષણનો ભંગ કર્યો છે,જે સાર્વત્રિક બેંકમાં સંક્રમણની પ્રક્રિયામાં છે. હેકર જૂથે દાવો કર્યો હતો કે છેડતી કરાયેલી માહિતીમાં નો યોર કસ્ટમર (કેવાયસી) રેકોર્ડ, વ્યક્તિગત ઓળખ દસ્તાવેજો, કાયમી ખાતા નંબર અને આધાર વિગતો સહિત અન્ય વિગતોનો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે તાજેતરનાં દિવસોમાં અનેક સાયબર હુમલાઓ નોંધાયા છે.

સન ફાર્માને આર્થરાઇટિસની સારવારની દવા માટે મંજૂરી

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૩૦

સન ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે આજે જણાવ્યું હતું કે યુએસ આરોગ્ય નિયમનકારે એક્ટિવ સોરિયાટિક આર્થરાઇટિસ (પીએસએ) ધરાવતા પુખ્ત વયના લોકોની સારવાર માટે ઇલુમ્યા માટે તેની સપ્લીમેન્ટ બાયોલોજિકલ લાયસન્સ એપ્લિકેશન ને મંજૂરી આપી છે.

યુએસએફડીએની મંજૂરી આઇએલ-૨૩ અવરોધકના ઉપયોગને મધ્યમથી ગંભીર પ્લેક સોરાયસિસથી આગળ વિસ્તૃત કરે છે, જે સોરિયાટિક રોગમાં સન ફાર્માના પોર્ટફોલિયોનો મજબૂત બનાવે છે. ઇલુમ્યાને ફક્ત આરોગ્યસંભાળ પ્રદાતા દ્વારા સંચાલિત સારવાર તરીકે મંજૂરી આપવામાં આવી છે.

HDB FINANCIAL SERVICES

એચડીબી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડ

રજીસ્ટર્ડ ઓફીસ : રાધિકા, બીજો માળ, લો ગાર્ડન રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
શાખા ઓફીસ : ૧૦૧, પહેલો માળ, વૃક્ષઆકૃતિ કોરસ્પેશ બિલ્ડીંગ, વેસ્ટસાઇડ શોપ સામે, શ્યામલ ક્રોસ રોડ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫

સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજીની જાહેર નોટીસ (જુઓ નિયમ ૮(૬) ની જોગવાઇઓ)

ઇએમડી અને દસ્તાવેજો જમા કરવાની છેલ્લી તારીખ અને સમય : ૦૩-૧૨-૨૦૨૬ ના રોજ સાંજે ૦૪.૦૦ વાગ્યા સુધી

સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (સરફૈસી) એક્ટ, ૨૦૦૨, (૨૦૦૨ નો ૫૪) હેઠળ એચડીબી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડને ગીરો કરાયેલ સ્થાવર મિલકતોનું વેચાણ.
આથી એચડીબી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (સરફૈસી) એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ જારી નોટીસ મુજબ એચડીબી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડની બાકી રકમની વસુલાત માટે અમારી શાખામાં નીચેના લોન એકાઉન્ટોમાં નીચેની મિલકત/તોનો ભૌતિક કબજો "જ્યાં છે", "જે છે" ના ધોરણે તેના વેચાણના હક સાથે લઈ લીધેલ છે. વેચાણ ઈ-હરાજી પ્લેટફોર્મ મારફત વેબસાઇટ https://.bankeauctions.com દ્વારા નીચે સહી કરનાર દ્વારા કરવામાં આવશે.

શાખાનું નામ અને એકાઉન્ટ	ગીરો મિલકતની વિગત, જે હરાજી વેચાણ હેઠળ છે અને કબજાનો પ્રકાર	માંગણા નોટીસની તારીખ / બાકી રકમ (સિક્યોર્ડ ઋણ)	અધિકૃત અધિકારીની વિગત મિલકતના નિરિક્ષણ અને અન્ય પુછપરછ માટે	ઇએમડી જમા કરવા માટેની એકાઉન્ટ વિગતો	રિઝર્વ કિંમત / ઇએમડી / બિડ વૃદ્ધિની રકમ	ઈ-હરાજીની તારીખ ઇ-હરાજીનો સમય ઇએમડી જમા કરવાની તારીખ
૧૦૧, પહેલો માળ, વૃક્ષાકૃતિ કોરસ્પેશ બિલ્ડીંગ, વેસ્ટસાઇડ શોપ સામે, શ્યામલ ક્રોસ રોડ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫ લોન એકાઉન્ટ નં. ૨૮૧૧૪૦૮૨ ૧. કાવ્યા ઈલેક્ટ્રીકલ્સ, ૨. મંજુલાબેન શાહ, ૩.કૃણાલ પ્રકાશભાઈ શાહ, ૪. પ્રિતી કૃણાલ શાહ તમામનું સરનામું: આંબાવાડી બઝાર,રૂદ્રા કોમ્પલેક્ષ પાસે, છાડવાડ પોલીસ ચોકી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬, ગુજરાત અને રેસીડેન્સીયલ મિલકત ફ્લેટ નં. એફ/૨૦૨, પહેલા માળ પર અશ્વલેખા કોમ્પલેક્ષ તરીકે જાણીતી સ્કીમમાં, અપર્ણા કો.હા.સો.લી., સર્વે નં. ૪૫૯ પરની અમદાવાદ- ૩૮૦૦૦૬ અને ૨૦૨/એફ અશ્વ લેખા કોમ્પલેક્ષ, દેસાઈ પાર્ક પાસે, જીવરાજપાર્ક બસ સ્ટેન્ડ પાસે, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧, ગુજરાત	**મિલકત ૧ :** ફ્લેટ નં. એફ-૨૦૨, પહેલો માળ, અશ્વલેખા કોમ્પલેક્ષ તરીકે જાણીતી સ્કીમાં, અપર્ણા કો.ઓપ. હાઉસિંગ સોયાટી લીમીટેડની, સર્વે નં. ૪૫૯ પૈકી, ટાઉન પ્લાનિંગ સ્કીમનં. ૨, ફાઈનલ પ્લોટ નં. ૭૦ પૈકી સબ પ્લોટનં. ૭૦/પી/૧, મોજે વેજલપુર, તાલુકો વેજલપુર, જિલ્લો અને પેટા જિલ્લો અમદાવાદ ખાતેની રેસીડેન્સીયલ મિલકતના તમામ ભાગ અને હિસ્સા. (ક્ષેત્રફળ આશરે ૧૦૭ ચો.યાર્ડ) **ચતુ:સીમા :** ઉત્તર: રેલ્વે ટ્રેક, દક્ષિણ: ઝાયડસ સ્કુલ, પુર્વ: દેસાઈ પાર્ક સોસાયટી, પશ્ચિમ: આનંદ મંગલ કોમ્પલેક્ષ **કબજાનો પ્રકાર : સાંકેતિક કબજો**	**૨૦-૦૭-૨૦૨૬ રૂા. ૨૧૭૪૬૬૧.૬૭/-** (રૂપિયા એકવીસ લાખ ચુંમોત્તેર હજાર છસ્સો એકસઠ અને સડ્સઠ પૈસા પુરા) લોન નં. ૨૮૧૧૪૦૮૨ ની ૧૪-૦૭-૨૦૨૬ મુજબની તેમજ પુરેપુરી રકમની ચુકવણી સુધી ૧૪-૦૭-૨૦૨૬ થી વાર્ષિક કરારના દરે ચડત વ્યાજ તેમજ અમારી નોટીસમાં મંગાયેલ અન્ય ચાર્જિસ, આ નોટીસની તારીખથી ૩૦ દિવસના કાનુની ગાળા દરમિયાન.	**ધર્મવીર પૂનિયા** સંપર્ક નં. ૯૬૬૪૦૪૬૬૦૪ (મિલકતના નિરિક્ષણ અને અન્ય પુછપરછ માટે) **શ્રી રામકરણ મીશ્રા** સંપર્ક નં. ૭૬૦૦૧૧૬૦૦૯ **શ્રી પ્રશાંત મખેચા** સંપર્ક નં. ૭૬૦૦૮૦૦૯૦૦ ઇમેઇલ આઇડી: PRASHANT.MAKHECHA@HDBFS.COM **શ્રી ઇશાન ઉપાધ્યાય** સંપર્ક નં.: ૯૯૦૪૦૧૦૮૯૪	ચુકવણીની રીત: ફક્ત ડિમાન્ડ ડ્રાફ્ટ	**રિઝર્વ કિંમત : રૂા. ૪૬૨૨૪૦૦/- (રૂપિયા છેતાલીસ લાખ બાવીસ હજાર ચારસો પુરા) ઇએમડીની રકમ : રૂા. ૪૬૨૨૪૦/- (રૂપિયા ચાર લાખ બાસઠ હજાર બસ્સો ચાલીસ પુરા)**	**ઈ-હરાજીની તારીખ ૦૪-૧૨-૨૦૨૬ સવારે ૧૦:૩૦ થી સાંજે ૦૪.૦૦ સુધી ઈએમડી જમા કરવાની છેલ્લી તારીખ: ૦૩-૧૨-૨૦૨૬**

શરતો અને નિયમો:
૧. અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી અને માહિતી હેઠળ કોઇપણ મિલકત પર બોજા નથી. આમ છતાં, ઇચ્છુક બીડરોએ તેમની બીડ જમા કરતાં પહેલા બોજા, હરાજી પર મુકાયેલ મિલકત/તોના ટાઇટલ અને મિલકતને અસરકર્તા દાવાઓ/ હકો/બાકી રકમ અંગે તેમની જાતે સ્વતંત્ર ચકાસણી કરવી જોઇએ. ઈ-હરાજી જાહેરાત એચડીબી ફાયનાન્સિયલ સર્વિસ લીમીટેડના કોઇપણ કમીટમેન્ટ અથવા કોઇપણ રજુઆતની પુરક નથી અથવા પુરક ગણવામાં આવશે નહી. મિલકત એચડીબી ફા યનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડની જાણમાં હોય કે ન હોય તેવા વર્તમાન અને ભાવી બોજાઓ સાથે વેચવામાં આવી રહી છે. અધિકૃત અધિકારી/સિક્યોર્ડ લેણદાર કેાઇપણ ત્રાહીત વ્યક્તિના દાવા/હકો/બાકી રકમ માટે જવાબદાર ગણાશે નહી.
૨. ઈ-હરાજી મિલકતોનો **કબજો** લીધા પછી "જ્યાં છે", "જે છે" અને "જેમ છે" ના ધોરણે યોજાઇ રહી છે. સફળ બીડર/રોએ તે/તેમના ખર્ચ, જોખમ અને જવાબદારીઓએ મિલકતોનો ભૌતિક કબજો લેવાનો રહેશે.
૩. બીડ જમા કરતા પહેલા મિલકતનું નિરિક્ષણ કરવાની અને મિલકત અને તેની વિગતો અંગે તેમની રીતે સંતોષકારક તપાસ કરવાની જવાબદારી બીડરની રહેશે. હરાજી પર મુકાયેલ સાંકેતિક કબજામાં રહેલ મિલકત/તોનું નિરિક્ષણની ઇચ્છુક બીડરોને **૦૩.૧૨.૨૦૨૬** ના રોજ(ઓફીસ કલાકો દરમિયાન) પરવાનગી આપવામાં આવશે.
૪. ઇચ્છુક બીડરોએ તેમની ઇએમડી **વેબ પોર્ટલ :** https://bankeauctions.com મારફત (યુઝર આઇડી અને પાસવર્ડ https://bankeauctions.com પર વિના મુલ્યે નામ રજીસ્ટર કરીને મેળવી શકાશે.) લોગીન આઇડી અને પાસવર્ડ મારફત જમા કરવાની રહેશે. ઇએ મડી ઉપર જણાવેલ એકાઉન્ટમાં એનઇએફટી દ્વારા ચુકવવાપાત્ર રહેશે. વેબપોર્ટલમાં બીડર દ્વારા રજીસ્ટ્રેશન (વનટાઇમ) કર્યા પછી, ઇચ્છુક બીડર/ખરીદારે બીડ દસ્તાવેજો જમા કરવાની છેલ્લી તારીખ પહેલા વેબ પોર્ટલમાં નીચેના દસ્તાવેજોની નકલ અપલોડ કરવાની રહેશે. એટલે કે (૧) એનઇએફટી/આરટીજીએસ ચલાન અથવા ડીમાન્ડ ડ્રાફ્ટની નકલ, (૨) પાનકાર્ડની નકલ, (૩) ઓળખના પુરાવા/સરનામાના પુરાવા (કેવાયસી) એટલે કે વોટર આઇડી કાર્ડ/ ડ્રાઇવિંગ લાયસન્સ/પાસપોર્ટ વગેરે. જેના સિવાય બીડ રદ થવાને પાત્ર છે. જોડાણ ૨ અને ૩ ની સ્કેન્ડ નકલ અપલોડ કરવી (વેબ પોર્ટલ https://bankeauction.com પરથી ડાઉનલોડ કરી શકાશે) યોગ્ય રીતે ભર્યા પછી સહી કરવી પણ જરૂરી છે. લોગીન આઇડી અને પાસવર્ડ બનાવવા, બીડ દસ્તાવેજો જમા કરવા, ઓનલાઇન ઇન્ટર સે- બીડીંગ વગેરે પર તાલીમ/ડેમોસ્ટ્રેશન માટે મદદ ઇચ્છતા ઇચ્છુક બીડરો **મેસર્સ સી૧ ઇન્ડિયા પ્રાઇવેટ લીમીટેડ,** પ્લોટ નં. ૬૮, ૩જો માળ, સેક્ટર -૪૪, ગુરગાંવ, હરિયાણા-૧૨૨૦૦૩ શ્રી ધારણી ક્રિષ્ના, ઈમેઈલ આઈડી: andhra@c1india.com, support@bankeauctions.com ફોન નં.: ૯૯૪૮૧૯૮૨૨૨૨ નો સંપર્ક કરી શકે છે અને મિલકત સંબંધિત પુછપરછ માટે અધિકૃત અધિકારી: ધર્મવીરસિંહ પુનિયા, સંપર્ક નં. ૯૬૬૪૦ ૪૬૬૦૪ ઇમેઇલ આઇડી: lm.satelliteroad@hdbfs.com નો સોમવારથી શનિવાર સુધી કામકાજના કલાકો દરમિયાન સંપર્ક કરી શકે છે.
૫. રસ ધરાવતા બીડરોએ તેમના બીડ દસ્તાવેજો (ઇએમડી (રીઝર્વ કિંમતથી ઓછી નહી) અને જરૂરી દસ્તાવેજો (વિગત નં. ૪ માં જણાવેલ) **૦૩.૧૨.૨૦૨૬** ના રોજ સાંજે ૦૪.૦૦ વાગ્યા પહેલા જમા કરવા પડશે અને રજીસ્ટરીંગ પ્રક્રિયા (વન ટાઇમ) માંથી પસાર થયા પછી અને તેમના પોતાના યુઝર આઇડી અને પાસવર્ડ મેળવ્યા પછી ઇ-હરાજી પ્રક્રિયામાં ભાગ લેવા માટે લાયક બનશે, જે અધિકૃત અધિકારીની મંજુરી અને/અથવા દસ્તાવેજોની યોગ્ય ચકાસણીને આધિન રહેશે.
૬. ઓનલાઇન ઇન્ટર-સે- બીડીંગ દરમિયાન, બીડર બીડ વૃદ્ધિની રકમ (ઉપર જણાવેલ) અથવા તેના ગુણક મુજબ તેમની બીડની રકમ સુધારી શકે છે અને ઈ-હરાજી પુર્ણ થવાની છેલ્લી ૫ મિનિટ દરમિયાન બીડ થવાના કિસ્સામાં, બંધ થવાનો સમય ઈ-હરાજી બંધ થવાનો સમય ઓટોમેટીક ૫ મિનિટ (ઈ-હરાજી પ્રક્રિયા પુર્ણ થવાનો સમય) વધી જશે અથવા તે આપમેળે બંધ થશે. સૌથી ઉંચી બીડની રકમ જમા કરનાર બીડર (રીઝર્વ કિંમતથી ઓછી નહી) ઇ-હરાજી પ્રક્રિયા સમાપ્ત થતાં અધિકૃત અધિકારી/સિક્યોર્ડ લેણદાર દ્વારા યોગ્ય ચકાસણી પછી સફળ બીડર તરીકે ઘોષીત કરાશે.
૭. સફળ બીડરની અર્નેસ્ટ મની ડિપોઝીટ વેચાણની રકમના ભાગરૂપે રાખવામાં આવશે અને અસફળ બીડરોની ઇએમડી પરત કરવામાં આવશે. અર્નેસ્ટ મની ડિપોઝીટ પર કોઇ વ્યાજ મળશે નહી. સફળ બીડરે વેચાણ કિંમતના ૨૫ ટકા પહેલેથી ચુકવેલ ઇએમડી બાદ કરીને અધિકૃત અધિકારી દ્વારા બીડની રકમની મંજુરી મળ્યાના ૨૪ કલાકની અંદર ચુકવાની રહેશે અને વેચાણ કિંમતના બાકીના ૭૫ ટકા વેચાણના ૧૫ મા દિવસે અથવા તે પહેલા અથવા અધિકૃત અધિકારીની સુઝબુઝને આધિન લેખીતમાં મળેલ મજુરી મજબ આવા લંબાવેલ ગાળા દરમિયાન ચુકવવાના રહેશે. સફળ બીડર દ્વારા ચુકવણીમાં કસુરના કિસ્સામાં, ઓફર દ્વારા જમા કરાયેલ રકમ જપ્ત કરવામાં આવશે અને મિલકતની ફરી હરાજી કરવામાં આવશે અને કસુરવાર દેવાદાર મિલકત/રકમ બાબતે કોઇ દાવો/હક ધરાવશે નહી.
૮. ભાવી લાયક બીડરો ઈ-હરાજીની તારીખ પહેલા મેસર્સ સી૧ ઇન્ડિયા પ્રાવેટ લીમીટેડ પાસેથી ઈ-હરાજી અંગેની તાલીમ મેળવી શકે છે. અધિકૃત અધિકારી/એચડીબી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડ અથવા **મેસર્સ સી૧ ઇન્ડિયા પ્રાઇવેટ લીમીટેડ** કોઇપણ ઇન્ટરનેટ સમસ્યા માટે જવાબદાર ગણાશે નહી અને ઇચ્છુક બીડરોએ ઈ-હરાજીમાં ભાગ લેવા માટે તેઓ ટેકનીકલી સુસજ્જ છે કે નહી તેની ખાતરી કરવાની રહેશે.
૯. ખરીદારે સ્ટેમ્પ ડ્યુટી/એડિશનલ સ્ટેમ્પ ડ્યુટી/ટ્રાન્સફર ચાર્જ, ફી વગેરે અને તમામ કાનુની/બિન કાનુની બાકી, વેરા, દરો, એસેસમન્ટ ચાર્જ, ફી વગરે ભોગવાના રહેશે.
૧૦. અધિકૃત અધિકારી સૌથી ઉંચી ઓફર સ્વીકારવા બંધાયેલ નથી અને અધિકૃત અધિકારી કોઇપણ કારણ જણાવ્યા વગર કોઇપણ અથવા તમામ ઓફર(ો) નો મંજુર અથવા ના મંજુર અથવા ઈ-હરાજી મોકુફ/રદ/બરખાસ્ત કરવાનો હક ધરાવે છે.
૧૧. બીડરોને તેમની બીડો જમા કરતા પહેલા અને ઈ-હરાજીમાં ભાગ લેતા પહેલા **મેસર્સ સી૧ ઇન્ડિયા પ્રાઇવેટ લીમીટેડ** ના વેબ પોર્ટલ https://www.bankeauctions.com પર ઉપલબ્ધ વિગતવાર શરતો અને નિયમો જોવા સલાહ આપવામાં આવે છે.
૧૨. આ પ્રકાશન કાનુની ધારાને આધિન છે.

ખાસ સુચના
બીડરોએ છેલ્લી ક્ષણોમાં બીડીંગને ટાળવું જોઇએ કારણકે કોઇપણ ખામી/નિષ્ફળતા(ઇન્ટરનેટ નિષ્ફળતા/પાવર નિષ્ફળતા વગેરે) માટે એચડીબી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડ અથવા સર્વિસ પ્રદાતા જવાબદાર ગણાશે નહી, આવા વિપરિત સંજોગોને ટાળવા માટે, તમામ જરૂરી ગોઠવણો/ વિકલ્પો જેવા કે પાવર સપ્લાય બેકઅપ વગેરે તમામ કરી રાખવા બીડરોને વિનંતી છે, જેથી તેઓ આવી વિપરિત પરિસ્થિતિઓને ટાળી શકે અને હરાજીમાં ભાગ લેવા માટે સક્ષમ બની શકે.

સરફૈસી એક્ટ, ૨૦૦૨ હેઠળ ૩૦ દિવસીય કાનુની વેચાણ નોટીસ
દેવાદારો/જામીનદારોને આથી ઈ-હરાજીની તારીખ પહેલા ઉપર જણાવેલ રકમ તેમજ અંતિમ તારીખ સુધીનું વ્યાજ અને આકસ્મિક ખર્ચ ચુકવવા જણાવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં, મિલકતની હરાજી/વેચાણ કરવામાં આવશે અને બાકી રકમ, જો કોઇ હોયતો વ્યાજ અને ખર્ચ સહીત વસુલવામાં આવશે.
તારીખ : ૩૧.૧૦.૨૦૨૬ **સહી/- અધિકૃત અધિકારી**
સ્થળ : અમદાવાદ **એચડીબી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડ**

HDB FINANCIAL SERVICES

એચડીબી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડ

રજીસ્ટર્ડ ઓફીસ : રાધિકા, બીજો માળ, લો ગાર્ડન રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
શાખા ઓફીસ : ૧૦૧, પહેલો માળ, વૃક્ષઆકૃતિ કોરસ્પેશ બિલ્ડીંગ, વેસ્ટસાઇડ શોપ સામે, શ્યામલ ક્રોસ રોડ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫

સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજીની જાહેર નોટીસ (જુઓ નિયમ ૮(૬) ની જોગવાઇઓ)

ઇએમડી અને દસ્તાવેજો જમા કરવાની છેલ્લી તારીખ અને સમય : ૧૮-૧૧-૨૦૨૬ ના રોજ સાંજે ૦૪.૦૦ વાગ્યા સુધી

સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (સરફૈસી) એક્ટ, ૨૦૦૨, (૨૦૦૨ નો ૫૪) હેઠળ એચડીબી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડને ગીરો કરાયેલ સ્થાવર મિલકતોનું વેચાણ.
આથી એચડીબી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (સરફૈસી) એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ જારી નોટીસ મુજબ એચડીબી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડની બાકી રકમની વસુલાત માટે અમારી શાખામાં નીચેના લોન એકાઉન્ટોમાં નીચેની મિલકત/તોનો **ભૌતિક કબજો** "જ્યાં છે", "જે છે" ના ધોરણે તેના વેચાણના હક સાથે લઈ લીધેલ છે. વેચાણ ઈ-હરાજી પ્લેટફોર્મ મારફત વેબસાઇટ www.vehicleduniya.com ઉપર નીચે સહી કરનાર દ્વારા કરવામાં આવશે.

શાખાનું નામ અને એકાઉન્ટની વિગતો	ગીરો મિલકતની વિગત, જે હરાજી વેચાણ હેઠળ છે અને કબજાનો પ્રકાર	માંગણા નોટીસની તારીખ / બાકી રકમ (સિક્યોર્ડ ઋણ)	અધિકૃત અધિકારીની વિગત મિલકતના નિરિક્ષણ અને અન્ય પુછપરછ માટે	ઇએમડી જમા કરવા માટેની એકાઉન્ટ વિગતો	રિઝર્વ કિંમત / ઇએમડી / બિડ વૃદ્ધિની રકમ	ઈ-હરાજીની તારીખ ઇ-હરાજીનો સમય ઇએમડી જમા કરવાની તારીખ
૧૦૧, પહેલો માળ, વૃક્ષઆકૃતિ કોરસ્પેશ બિલ્ડીંગ, વેસ્ટસાઇડ શોપ સામે, શ્યામલ ક્રોસ રોડ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫ **લોન એકાઉન્ટ નં. ૫૯૨૦૪૬૧૭ ૧. ફાઇટ ૪ ફિટનેસ, ૨. શાંતાબાઇ લોહાર, ૩. લોહાર મહેશકુમાર સુંદરલાલ,** તમામનું સરનામું : પહેલો માળ, શ્રી પંચવિલા ટાવર શોપ નં. ૧ અને ૩, વલ્લભટાવર, મેમનગર રોડ, મેમનગર અમદાવાદ, અમદાવાદ-૩૮૦૦૫૨, ગુજરાત અને કોમર્સિયલ શોપ નં. ૧, પહેલો માળ, શ્રી પંચવિલા ટાવર જ્યંતનગર કો. ઓ. હાઉસિંગ સોસાયટી લીમીટેડ વિભાગ-૩, સર્વે નં. ૪૫, ૪૬ અને ૪૭, ટીપી સ્કીમ નં. ૧, ફાઇનલ પ્લોટ નં. ૮૪ અમદાવાદ-૩૮૦૦૫૨ અને એ-૫૦૨ એલ-ગ્રીસિયા, વિવેકાનંદ ચોક પાસે, ઇલાઇટ-૩૨ પાસે, અમદાવાદ સિટી, અમદાવાદ-૩૮૦૦૫૨, ગુજરાત.	**મિલકત:૧ :** શોપ નં.૧, પહેલો માળ, 'શ્રી પંચવિલા ટાવર' તરીકે જાણીતી સ્કીમમાં, જ્યંતનગર કો.ઓ. હાઉસિંગ સોસાયટી વિભાગ-૩, સર્વે નં. ૪૫, ૪૬ અને ૪૭, ટીપી સ્કીમ નં. ૧, એફપી નં. ૮૪, મોજે-મેમનગર, તાલુકો-ઘાટલોડિયા, જિલ્લો અને પેટા જિલ્લો-અમદાવાદ ખાતેની કોમર્સિયલ મિલકતના તમામ ભાગ અને હિસ્સા. (ક્ષેત્રફળ આશરે ૩૩૪.૪૫૦૯ ચો.મી. આશરે ૩૬૦૦ ચો. ફુટ) ચતુ:સીમા: ઉત્તર: શોપનં. ૨ અને ૩, દક્ષિણ: માર્જિન પછી પાર્કિંગ, પુર્વ: મેઈન રોડ, પશ્ચિમ: માર્જિન પછી પંચવિલા બંગલો **કબજાનો પ્રકાર : ભૌતિક કબજો**	**૧૬-૦૨-૨૦૨૬ રૂા. ૨૯૭૭૧૦૨૦.૮૩/-** (રૂપિયા બે કરોડ સત્તાણું લાખ ઈકોતેર હજાર વીસ અને ત્યાંશી પૈસા પુરા) એકાઉન્ટ નં. ૫૯૨૦૪૬૧૭ ના સંબંધમાં ૧૧.૦૨.૨૦૨૬ મુજબ તેમજ પુરેપુરી ચુકવણી સુધી ૧૧.૦૨.૨૦૨૬ થી વાર્ષિક કરારના દરે ચડત વ્યાજ તેમજ અમારી નોટીસમાં મંગાયેલ અન્ય ચાર્જિસ, આ નોટીસની તારીખથી ૧૫ દિવસીય કાનુની ગાળા દરમિયાન	**શ્રી ધર્મવીર પૂનિયા સંપર્ક નં. ૯૬૬૪૦૪૬૬૦૪ મિલકતના નિરિક્ષણ અને અન્ય પુછપરછ માટે રામકરણ મિશ્રા સંપર્ક નં. ૭૬૦૦૧૧૬૦૦૯ શ્રી પ્રશાંત મખેચા સંપર્ક નં. ૭૬૦૦૮૦૦૯૦૦ ઇમેઇલ આઇડી:** prashant.makhecha@hdbfs.com **શ્રી ઈશાન ઉપાધ્યાય સંપર્ક નં. ૯૯૦૪૦૧૦૮૯૪**	ચુકવણીની રીત: ફક્ત ડિમાન્ડ ડ્રાફ્ટ	**રિઝર્વ કિંમત : રૂા. ૨૮૩૫૦૦૦૦/- (રૂપિયા બે કરોડ ત્યાંશી લાખ પચ્ચાસ હજાર પુરા) ઇએમડીની રકમ : રૂા. ૨૮૩૫૦૦૦/- (રૂપિયા અઠયાવીસ લાખ પાંત્રીસ હજાર પુરા)**	**૧૯-૧૧-૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યેથી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી ઇએમડી જમા કરવાની તારીખ : ૧૮-૧૧-૨૦૨૬**

શરતો અને નિયમો:
૧. અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી અને માહિતી હેઠળ કોઇપણ મિલકત પર બોજ નથી. આમ છતાં, ઇચ્છુક બીડરોએ તેમની બીડ જમા કરતાં પહેલા બોજા, હરાજી પર મુકાયેલ મિલકત/તોના ટાઇટલ અને મિલકતને અસરકર્તા દાવાઓ/ હકો/બાકી રકમ અંગે તેમની જાતે સ્વતંત્ર ચકાસણી કરવી જોઇએ. ઈ-હરાજી જાહેરાત એચડીબી ફાયનાન્સિયલ સર્વિસ લીમીટેડના કોઇપણ કમીટમેન્ટ અથવા કોઇપણ રજુઆતની પુરક નથી અથવા પુરક ગણવામાં આવશે નહી. મિલકત એચડીબી ફા યનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડની જાણમાં હોય કે ન હોય તેવા વર્તમાન અને ભાવી બોજાઓ સાથે વેચવામાં આવી રહી છે. અધિકૃત અધિકારી/સિક્યોર્ડ લેણદાર કેાઇપણ ત્રાહીત વ્યક્તિના દાવા/હકો/બાકી રકમ માટે જવાબદાર ગણાશે નહી.
૨. ઈ-હરાજી મિલકતોનો **ભૌતિક કબજો** લીધા પછી "જ્યાં છે", "જે છે" અને "જેમ છે" ના ધોરણે યોજાઇ રહી છે. સફળ બીડર/રોએ તે/તેમના ખર્ચ, જોખમ અને જવાબદારીઓએ મિલકતોનો ભૌતિક કબજો લેવાનો રહેશે.
૩. બીડ જમા કરતા પહેલા મિલકતનું નિરિક્ષણ કરવાની અને મિલકત અને તેની વિગતો અંગે તેમની રીતે સંતોષકારક તપાસ કરવાની જવાબદારી બીડરની રહેશે. હરાજી પર મુકાયેલ મિલકત/તોનું નિરિક્ષણની ઇચ્છુક બીડરોને **૧૮.૧૧.૨૦૨૬** ના રોજ (ઓફીસ કલાકો દરમિયાન) પરવાનગી આપવામાં આવશે.
૪. ઇચ્છુક બીડરોએ તેમની ઇએમડી **વેબ પોર્ટલ :** www.vehicleduniya.com મારફત (યુઝર આઇડી અને પાસવર્ડ https://www.vehicleduniya.com પર વિના મુલ્યે નામ રજીસ્ટર કરીને મેળવી શકાશે.) લોગીન આઇડી અને પાસવર્ડ મારફત જમા કરવાની રહેશે. ઇએ મડી ઉપર જણાવેલ એકાઉન્ટમાં એનઇએફટી દ્વારા ચુકવવાપાત્ર રહેશે. વેબપોર્ટલમાં બીડર દ્વારા રજીસ્ટ્રેશન (વનટાઇમ) કર્યા પછી, ઇચ્છુક બીડર/ખરીદારે બીડ દસ્તાવેજો જમા કરવાની છેલ્લી તારીખ પહેલા વેબ પોર્ટલમાં નીચેના દસ્તાવેજોની નકલ અપલોડ કરવાની રહેશે. એટલે કે (૧) એનઇએફટી/આરટીજીએસ ચલાન અથવા ડીમાન્ડ ડ્રાફ્ટની નકલ, (૨) પાનકાર્ડની નકલ, (૩) ઓળખના પુરાવા/સરનામાના પુરાવા (કેવાયસી) એટલે કે વોટર આઇડી કાર્ડ/ ડ્રાઇવિંગ લાયસન્સ/પાસપોર્ટ વગેરે. જેના સિવાય બીડ રદ થવાને પાત્ર છે. જોડાણ ૨ અને ૩ ની સ્કેન્ડ નકલ અપલોડ કરવી (વેબ પોર્ટલ www.vehicleduniya.com પરથી ડાઉનલોડ કરી શકાશે) યોગ્ય રીતે ભર્યા પછી સહી કરવી પણ જરૂરી છે. લોગીન આઇડી અને પાસવર્ડ બનાવવા, બીડ દસ્તાવેજો જમા કરવા, ઓનલાઇન ઇન્ટર સે- બીડીંગ વગેરે પર તાલીમ/ડેમોસ્ટ્રેશન માટે મદદ ઇચ્છતા ઇચ્છુક બીડર **આરએફસી વ્હીકલ દુનિયા પ્રાઇવેટ લીમીટેડ, આરએફસી વ્હીકલ દુનિયા પ્રાઇવેટ લીમીટેડ, પહેલો માળ, સરસ્વતી છાયા દીનદયાલ ચોક, વિજયનગર જબલપુર-૪૮૨૦૦૨, યોગેશકુમાર, ઈમેઈલ આઈડી:** auction@vehicleduniya.com/yogesh@vehicleduniya.com, **ફોન નં.: ૯૧૦૯૬ ૮૯૭૯૯ નો સંપર્ક કરી શકે છે અને મિલકત સંબંધિત પુછપરછ માટે અધિકૃત અધિકારી: શ્રી ધર્મવીર પુનિયા સંપર્ક નં.: ૯૬૬૪૦ ૪૬૬૦૪, ઈમેઈલ આઈડી:** lm.sateliteroad@hdbfs.com **નો સોમવાર થી શનિવાર સુધી કામકાજના કલાકો દરમિયાન સંપર્ક કરી શકે છે.**
૫. રસ ધરાવતા બીડરોએ તેમના બીડ દસ્તાવેજો (ઇએમડી (રીઝર્વ કિંમતથી ઓછી નહી) અને જરૂરી દસ્તાવેજો (વિગત નં. ૪ માં જણાવેલ) **૧૮.૧૧.૨૦૨૬** ના રોજ સાંજે ૦૪.૦૦ વાગ્યા સુધી જમા કરવા પડશે અને રજીસ્ટરીંગ પ્રક્રિયા (વન ટાઇમ) માંથી પસાર થયા પછી અને તેમના પોતાના યુઝર આઇડી અને પાસવર્ડ મેળવ્યા પછી ઇ-હરાજી પ્રક્રિયામાં ભાગ લેવા માટે લાયક બનશે, જે અધિકૃત અધિકારીની મંજુરી અને/અથવા દસ્તાવેજોની યોગ્ય ચકાસણીને આધિન રહેશે.
૬. ઓનલાઇન ઇન્ટર-સે- બીડીંગ દરમિયાન, બીડર બીડ વૃદ્ધિની રકમ (ઉપર જણાવેલ) અથવા તેના ગુણક મુજબ તેમની બીડની રકમ સુધારી શકે છે અને ઈ-હરાજી પુર્ણ થવાની છેલ્લી ૫ મિનિટ દરમિયાન બીડ થવાના કિસ્સામાં, બંધ થવાનો સમય ઈ-હરાજી બંધ થવાનો સમય ઓટોમેટીક ૫ મિનિટ (સી૧ ઇન્ડિયા પ્રાઇવેટ લીમીટેડ ની ઈ-હરાજી પ્રક્રિયાની સમાપ્તિ સુધી) વધી જશે અથવા તે આપમેળે બંધ થશે. સૌથી ઉંચી બીડની રકમ જમા કરનાર બીડર (રીઝર્વ કિંમતથી ઓછી નહી) ઇ-હરાજી પ્રક્રિયા સમાપ્ત થતાં અધિકૃત અધિકારી/સિક્યોર્ડ લેણદાર દ્વારા યોગ્ય ચકાસણી પછી સફળ બીડર તરીકે ઘોષીત કરાશે.
૭. સફળ બીડરની અર્નેસ્ટ મની ડિપોઝીટ વેચાણની રકમના ભાગરૂપે રાખવામાં આવશે અને અસફળ બીડરોની ઇએમડી પરત કરવામાં આવશે. અર્નેસ્ટ મની ડિપોઝીટ પર કોઇ વ્યાજ મળશે નહી. સફળ બીડરે વેચાણ કિંમતના ૨૫ ટકા પહેલેથી ચુકવેલ ઇએમડી બાદ કરીને અધિકૃત અધિકારી દ્વારા બીડની રકમની મંજુરી મળ્યાના ૨૪ કલાકની અંદર ચુકવાની રહેશે અને વેચાણ કિંમતના બાકીના ૭૫ ટકા વેચાણના ૧૫ મા દિવસે અથવા તે પહેલા અથવા અધિકૃત અધિકારીની સુઝબુઝને આધિન લેખીતમાં મળેલ મજુરી મજબ આવા લંબાવેલ ગાળા દરમિયાન ચુકવવાના રહેશે. સફળ બીડર દ્વારા ચુકવણીમાં કસુરના કિસ્સામાં, ઓફર દ્વારા જમા કરાયેલ રકમ જપ્ત કરવામાં આવશે અને મિલકતની ફરી હરાજી કરવામાં આવશે અને કસુરવાર દેવાદાર મિલકત/રકમ બાબતે કોઇ દાવો/હક ધરાવશે નહી.
૮. ભાવી લાયક બીડરો ઈ-હરાજીની તારીખ પહેલા **આરએફસી વ્હીકલ દુનિયા પ્રાઇવેટ લીમીટેડ** પાસેથી ઈ-હરાજી અંગેની તાલીમ મેળવી શકે છે. અધિકૃત અધિકારી/એચડીબી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડ અથવા **આરએફસી વ્હીકલ દુનિયા પ્રાઇવેટ લીમીટેડ** કોઇપણ ઇન્ટરનેટ સમસ્યા માટે જવાબદાર ગણાશે નહી અને ઇચ્છુક બીડરોએ ઈ-હરાજીમાં ભાગ લેવા માટે તેઓ ટેકનીકલી સુસજ્જ છે કે નહી તેની ખાતરી કરવાની રહેશે.
૯. ખરીદારે સ્ટેમ્પ ડ્યુટી/એડિશનલ સ્ટેમ્પ ડ્યુટી/ટ્રાન્સફર ચાર્જ, ફી વગેરે અને તમામ કાનુની/બિન કાનુની બાકી, વેરા, દરો, એસેસમન્ટ ચાર્જ, ફી વગરે ભોગવાના રહેશે.
૧૦. અધિકૃત અધિકારી સૌથી ઉંચી ઓફર સ્વીકારવા બંધાયેલ નથી અને અધિકૃત અધિકારી કોઇપણ કારણ જણાવ્યા વગર કોઇપણ અથવા તમામ ઓફર(ો) નો મંજુર અથવા ના મંજુર અથવા ઈ-હરાજી મોકુફ/રદ/બરખાસ્ત કરવાનો હક ધરાવે છે.
૧૧. બીડરોને તેમની બીડો જમા કરતા પહેલા અને ઈ-હરાજીમાં ભાગ લેતા પહેલા **આરએફસી વ્હીકલ દુનિયા પ્રાઇવેટ લીમીટેડ** ના વેબ પોર્ટલ www.vehicleduniya.com પર ઉપલબ્ધ વિગતવાર શરતો અને નિયમો જોવા સલાહ આપવામાં આવે છે.
૧૨. આ પ્રકાશન કાનુની ધારાને આધિન છે.

ખાસ સુચના
બીડરોએ છેલ્લી ક્ષણોમાં બીડીંગને ટાળવું જોઇએ કારણકે કોઇપણ ખામી/નિષ્ફળતા(ઇન્ટરનેટ નિષ્ફળતા/પાવર નિષ્ફળતા વગેરે) માટે એચડીબી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડ અથવા સર્વિસ પ્રદાતા જવાબદાર ગણાશે નહી, આવા વિપરિત સંજોગોને ટાળવા માટે, તમામ જરૂરી ગોઠવણો/ વિકલ્પો જેવા કે પાવર સપ્લાય બેકઅપ વગેરે તમામ કરી રાખવા બીડરોને વિનંતી છે, જેથી તેઓ આવી વિપરિત પરિસ્થિતિઓને ટાળી શકે અને હરાજીમાં ભાગ લેવા માટે સક્ષમ બની શકે.

સરફૈસી એક્ટ, ૨૦૦૨ હેઠળ ૧૫ દિવસીય કાનુની વેચાણ નોટીસ
દેવાદારો/જામીનદારોને આથી ઈ-હરાજીની તારીખ પહેલા ઉપર જણાવેલ રકમ તેમજ અંતિમ તારીખ સુધીનું વ્યાજ અને આકસ્મિક ખર્ચ ચુકવવા જણાવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં, મિલકતની હરાજી/વેચાણ કરવામાં આવશે અને બાકી રકમ, જો કોઇ હોયતો વ્યાજ અને ખર્ચ સહીત વસુલવામાં આવશે.
તારીખ : ૩૧-૧૦-૨૦૨૬ **અધિકૃત અધિકારી**
સ્થળ : અમદાવાદ **એચડીબી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડ**